વિજયાનંદસૂરિ સ્વર્ગારોહણ અર્ધશતાબ્દી

સ્મારક પ્રકાશન

૧

શ્રી વિજયાનંદસૂરીશ્વરવિરચિત—

આત્માનંદ સ્તવનાવલી

શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા [૧૮]

॥ अर्हम् ॥

ન્યાયામ્ભોનિધિશ્રીવિજયાનન્દસૂરિભ્યો નમઃ

આત્માનન્દ સ્તવનાવલી.

ર ચ યિ તા

પૂજ્યપાદ પંજાબદેશોદ્ધારક ન્યાયામ્ભોનિધિ

જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનન્દસૂરીશ્વરજી

(શ્રી આત્મારામજી) મહારાજ.

: સહાયક :

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી જયંતવિજયજી

ગણિવરના સદુપદેશથી

શેઠ મણિલાલ પીતાંબરદાસ શ્રોફ.

હ: શેઠ શાંતિલાલ મણિલાલ શ્રોફ.

અમરનિવાસ ટેકરી-ખંભાત.

વીર સં. ૨૪૭૩ : આત્મ સં. ૫૧ : વિક્રમ સં. ૨૦૦૩

-: પ્ર કા શ ક :-
ચંદુલાલ જમનાદાસ શાહ.
મંત્રી, શ્રીલબ્ધિસૂરીશ્વર જૈનગ્રન્થમાલા,
છાણી [વડોદરારાજ્ય]

પ્રથમ સંસ્કરણ
૧૯૪૭

-: મુદ્રક :-
શા. ગુલાબચંદ લલ્લુભાઈ
મહોદય પ્રીન્ટીંગ પ્રેસ,
દાણાપીઠ—ભાવનગર.

न्यायाम्भोनिधि जैनाचार्य श्रीमद्
विजयानन्दसूरीश्वरजी महाराज
(श्री आत्मारामजी महाराज)

ભૂમિકા.

પ્રભુભક્તિપ્રિય ભવ્યજનોના કરકમલમાં, 'આત્માનન્દ સ્તવનાવલિ' નો ઉપહાર ધરતાં, ખરેખર આનંદ ઉપજે છે.

શ્રી જિનેશ્વરદેવોની યથાવિધિ ભક્તિ, એ જીવનને ધન્ય બનાવનારી મહાન્ વસ્તુ છે, સંસારના વિવિધ તાપોથી તપ્ત બનેલા આત્માઓ માટે શીતલચન્દન છે અને સંસારસાગરના યાત્રુઓને સ્હામે કિનારે પહોંચાડનાર સફલ અને સગવડભરી નૌકા છે.

ભક્તિનાં સાધનોમાં ભાવપૂજાનું અગ્રસ્થાન છે. ભાવપૂજાના સાધનો તરીકે સ્તવનો. પૂજાઓ, સ્તુતિસ્તોત્રો હોવાથી, આપણા પ્રાચીન અને અર્વાચીન મહાપુરુષોએ, આ જાતની સામગ્રી આપણા કલ્યાણ કાજે વિપુલ પ્રમાણમાં તૈયાર કરી છે. આ સ્તવનોમાં મુખ્યત્વે શ્રી જિનેશ્વરદેવોનાં ગુણોનું સ્તવન કીર્તન

હોય છે. લોકપ્રિય થયેલી આ મુજબની પદ્ધતિનો લાભ લઇ તે પરોપકારી પુરુષોએ સંસ્કૃતપ્રાકૃતાદિ ભાષાનાં ગહન ગ્રન્થો ન સ્હમજનારાઓ માટે તત્ત્વજ્ઞાન જેવા ઉપયોગી વિષયોને લોકભાષાઓમાં સરલ રીતે ગુંથ્યા હોય છે.

પ્રસ્તુત આત્માનન્દ સ્તવનાવલિમાં એવાં જ સ્તવનો, સજ્ઝાયો અને પદોનો સંગ્રહ છે.

આના કર્તા, પૂજ્યપાદ પાંચાલદેશોદ્ધારક ન્યાયામ્ભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનન્દસૂરીશ્વરજી (શ્રી આત્મારામજી) મહારાજા છે. બ્રહ્મક્ષત્રિય કપૂર-વંશમાં જન્મ લઇને તેઓ શ્રીમદે કરેલી જૈનશાસનની સેવા અજોડ છે. એમના જીવન અને કવન વિષે ઘણું લખાઇ ગયું છે અને હજી ઘણું લખવું બાકી રહે છે, પરંતુ આ લઘુકાય પુસ્તિકાનું કલેવર વધારવું યોગ્ય નથી.

વિ. સં. ૧૯૫૨ જેઠ સુદ સાતમની રાતે તેઓ-

શ્રીનો કાલધર્મ ગુજરાનવાલા(પંજાબ)માં થયો હોવાથી, વિ. સં. ૨૦૦૨ માં તેઓશ્રીને કાલધર્મ પ્રાપ્ત કર્યાને પચાસ વર્ષ પૂર્ણ થતાં હોઇ, તે પૂજ્ય સ્વનામધન્ય ગુરુદેવની આપણા ઉપરની ઉપકારપરંપરાઓની ચિરસ્મૃતિ માટે, અને તેઓશ્રી પ્રત્યે યત્કિંચિત્ કૃતજ્ઞતા વ્યક્ત કરવા માટે વિ. સં. ૨૦૦૧ ના અત્રેના ચાતુર્માસ અંગેની સ્થિરતા દરમિયાન તેઓશ્રીના પટ્ટપ્રભાવક નિઃસ્પૃહચૂડામણિ સદ્ધર્મોદ્ધારક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયકમલસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર જૈનરત્ન વ્યા. વા. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયલબ્ધિસૂરીશ્વરજી** મહારાજની પ્રેરણાથી ' સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ મહોત્સવ ' ઉજવવાનું શેઠ મોતિશા લાલબાગના જૈન શ્રી સંઘ તરફથી નિશ્ચિત થયું હતું.

તે મુજબ શેઠ મોતિશા લાલબાગના શ્રી મહાવીરસ્વામીજીના જિનાલયમાં, જેઠ સુ. ૪ થી સુ. ૧૦ સુધી અષ્ટાહ્નિકા મહોત્સવ તથા સુ. ૧૦ ના શાન્તિ-

સ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. ૮ તથા ૧૦ ના દિવસે લાલબાગના ઉપાશ્રયના વ્યાખ્યાન હોલમાં પૂજ્ય આચાર્યદેવના પ્રમુખ પદે જાહેર સભાઓ થઇ હતી જેમાં પ્રમુખશ્રીના લંબાણુ વિવેચન ઉપરાંત અન્ય વક્તાઓનાં પૂ. સ્વ. ગુરૂદેવના જીવન અને કાર્યને અંગે રોચક અને પ્રભાવશાલી વક્તવ્યો થયાં હતાં. મહોત્સવના આઠેય દિવસ રોજના ચાલુ વ્યાખ્યાનોમાં પણ પૂ. ગુરુદેવના જીવન વિષે પૂ. આચાર્યશ્રી વિવેચન કરતા હતા,

પૂજ્ય સ્વર્ગસ્થ ગુરુદેવની ઉજવાયલી 'સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિનું સ્મરણ જળવાઇ રહે તે હેતુએ છાણીની શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રન્થમાલાએ 'સ્વર્ગારોહણ અર્ધશતાબ્દિ સ્મારક પ્રકાશન' એ નામે અવાન્તર ગ્રન્થશ્રેણિ શરૂ કરી છે, જેના પ્રથમ પ્રકાશન રૂપે તેઓશ્રીની કૃતિઓનો આ સંગ્રહ પ્રકાશિત કરાય છે.

પૂ. ઉપાધ્યાયશ્રી જયંતવિજયજી ગણિવરની પ્રેરણાથી જે સદ્ગૃહસ્થોએ આ પ્રકાશનમાં સાહાય્ય કરી છે તેઓની શ્રુતભક્તિ પણ અનુમોદનીય અને અનુકરણીય છે.

પ્રથમના સંશોધન કાર્યથી આ વખતનું સંશોધન કાર્ય ઘણા જ ખંતથી કરવામાં આવ્યું છે છતાંય મતિમંદતા યા પ્રેસદોષથી રહી ગયેલી સ્ખલના સુધારી પૂજ્ય સ્વર્ગસ્થ ગુરુદેવની કૃપાપ્રસાદીરૂપ આ કૃતિઓનો યથાયોગ્ય ઉપયોગ કરી વાંચકો આત્મ કલ્યાણ સાધે એ ભાવના સાથે વિરમું છું.

લાલબાગ જૈન ઉપાશ્રય
ભુલેશ્વર, મુંબઈ ૪
મહા શુદ પૂર્ણિમા : ૨૦૦૩
તા. ૫-૨-૪૭

ભાસ્કરવિજય.

અનુક્રમ.

ખંડ ૧ લો.

સ્તવન ચોવીશી અને છૂટા સ્તવનો.

ખંડ ૨ જો.

દ્વાદશ ભાવના અને બીજાં પદો.

ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય
શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વરજી (આત્મા-
રામજી) મહારાજકૃત

આત્માનન્દ સ્તવનાવલી.

સ્તવનચોવીશી
અને
છૂટાં સ્તવનો.

શ્રી ઋષભ જિન સ્તવન.

(આસણુરા જોગી એ દેશી)

પ્રથમ જિનેસર મરુદેવી નંદા, નાભિ ગગન
કુલ ચંદા રે, મનમોહન સ્વામી, સમવસરણ
તીન કોટ સોહંદા, રજત કનક રતનોદા રે;

મનમો૦ ૧. તરુ અસોગ તલે ચિહું પાસે, કનક સિંહાસન કાસે રે. મન૦ પૂર્વ દિસિ મૂળ રૂપે ભાસે, બિંબ તિહું દિસિ જાસે રે. મન૦ ૨. મુનિ સુર નારી સાધવી સારી, અગ્નિ કોણે સુખકારી રે, મન૦ જયોતિ ભવન વનદેવી નિરૂતે, ઇન પતિ વાયવ્ય થિરતે રે, મન૦ ૩. સુર નરનારી કુણુ ઇશાને, પ્રભુ નિરખી સુખ માને રે મન૦ તુલ્ય નિમિત્ત ચિહું વર થાને, સમ્યગદરસી જાને રે. મન૦ ૪. આદિ નિક્ષેપા તિગ ઉપગારી, વંદક ભાવ વિચારી રે, મન૦ વાગ જોગ સુન મેઘસમાનો, ભવ્ય શિખી હરખાનો રે. મન૦ ૫. કારણુ નિમિત્ત ઉજાગર મેરો, સરણુ ગ્રહ્યો અબ તેરો રે. મન૦ જગત· વછલ પ્રભુ જગત ઉજેરો, તિમિર મોહ હરો મેરો રે. મન૦ ૬. ભગતિ તિહારી મુઝ મન

જાગી, કુમતિ પંથ દીયો ત્યાગી રે. મન૦ આતમજ્ઞાન ભાન મતિ જાગી, મુઝ તુઝ અંતર ભાગી રે. મન૦૭

---

૨ શ્રી અજિતનાથ જિન સ્તવન.

(સુણીયોજી કરૂણાનાથ ભવોદધિ પાર કીજોજી એ દેશી)

અજી તુમ સુણીયો જી અજિત જિનેસ ભવો-દધિ પાર કીજો જી. તુ૦ આંકણી જન્મ મરણુ જલ ફિરત અપારા, આદિ અંત નહીં ઘોર અંધારા, હું અનાથ ઉરઝયો મજધારા, ઢુંક મુજ પીર કીજો જી. તુમ૦ ૧. કર્મ પહાર કઠન દુઃખદાઇ, નાવ ફસી અબ કૌન સહાઇ, પૂર્ણ દયાસિંધુ જગસ્વામી, ઝટિતી ઉદ્ધાર કીજો જી. તુ૦ ૨. ચાર કષાય કરસ અતિભારે,

વડવા અનંગ જગત સબ જારે, જારે ત્રિદેવ ઇંદ્ર કુન દેવા, મોહે ઉવાર લીજો જી. તુમ૦ ૩. કરણ પાંચ અતિ તસ્કર ભારે, ધરમ જહાજ પ્રીતિ કર ફારે, રાગ ફાંસ ડારે ગર મોરે, અબ પ્રભુ ઝિટક દીજો જી. તુમ૦ ૪. તૃષ્ણા તરંગ ચરી અતિ ભારી, બહે જાત સબ જન તન ધારી, માન ફેન અતિ ઉમંગ ચઢ્યો હે, અબ પ્રભુ શાંત કીજો જી. તુમ૦ ૫. લાખ ચઉરાસી ભમર અતિ ભારી, માંહિ ફસ્યો હું સુદ્ધ બુદ્ધ હારી, કાલ અનંત અંત નહીં આયો, અબ પ્રભુ કાઢ લીજો જી. ૬. આતમ રૂપ દબ્યો સબ મેરો, અજિત જિનેસર સેવક તેરો, અબ તો ફંદ હરો પ્રભુ મેરો, નિરભય થાન દીજો જી. તુમ૦ ૭.

---

૩ શ્રી સંભવનાથ સ્તવન

(હિરણી યવ ચરે—એ દેશી)

સંભવ જિન સુખકારીયા લલના, પૂરણ હો તુમ ગુણ ભંડાર, પૂજો પ્રભુ ભાવસે લલના દુખ દુર્ગતિ દૂરે હરે લલના, કાટે હો જન્મ મરણ સંસાર, પદકજ જો મન લાવસે. લલના ૧. પ્રથમ વિરહ પ્રભુ તુમ તણો. લ૦ દૂજો હો પૂર્વધરછેદ, દેખો ગતિ કરમની લ૦ પંચમકાલ કુગુરુ બહુ લ૦ પાર્યો હો જિનમત બહુ ભેદ, વાત કો તરણકી. લ૦ ૨. રાગ દ્વેષ બેહુ મન વસે લ૦ લરે હો જિમ સૌકણ રાંડ, ભૂલે આત ભરમમેં લ૦ અમૃત ઠોર જહર પિયે લ૦ લીયે હો દુખ જિન મત છાંડ, બાંધે અતિ કરમમેં લ૦ ૩. કરુણા રસ ભરે થોડલે લ૦ સંત હો પર દુખ જાનનહાર, ઝૂલે સુખ ભરમ

મેં લ૦ મનકી પીર ન કો સુને, કૈસે હો કરિયે નિરધાર, પ્રભુ તુમ ધરમમે લ૦ ૪. એક આધાર હૈ મોહ ભણી. લ૦ તુમરે હો આગમ પરતીત, મન મુજ મોહિયા. લ૦ અવર ભરમ સબ છોરીયા લ૦. ધારી હો તુમ આણુ પુનીત, એહી જગ જો હિયા લ૦ ૫. જુગપ્રધાન પુરુષ તણી લ૦, રીતિ હો મુજ મન સુખદાય દેખી સુભ કારણી. લ૦ એહી જિનમત રીત છે લ૦, મીત હો ઓર સબ હી વિહાય, ભવસિંધુ તારણી લ૦ ૬. ધન્ય જનમ તિસ પુરષકા લ૦, ધારી હો તુમ આણુ અખંડ, મન વચ કાય સું લ૦. આતમ અનુ-ભવ રસ પીયા લ૦, ધીયા હો તુમ ચરણુ મે મંડ ચિત હુલસાય સું લ૦ ૭.

---

૪ શ્રી અભિનંદન જિનસ્તવન.

(હોરી કી ચાલ.)

પરમ આનંદ સુખ દીજોજી, અભિનંદન પ્યારા, અખય અભેદ અછેદ સરૂપી, જ્ઞાન ધ્યાન ઉજીયારા; ચિદાનંદઘન અંતરજામી, ધામી રામી ૨ ત્રિભવન સારા જી. અ૦ ૧. ચાર પ્રકારના બંધ નિવારી, અજર અમર પદ ધારા; કરમ ભરમ સબ છોરદીયે હેં, પામી સામી ૨ પરમ કરતારાજી, અ૦ ૨. અનંત જ્ઞાન દર્શન સુખ લીના, મેટ મિથ્યાત અંધારા; અમર અટલ કુન અગુરુલઘુકો, ધારા સારા ૨ અનંત બલ ભારાજી અ૦ ૩. બંધ ઉદય વિન નિર્મલ જોતિ, સત્તાકરી સબ છારા; નિજ સ્વરૂપ ત્રય રત્ન બિરાજે, છાજે રાજે ૨ આનંદ અપારાજી. અ૦ ૪. જ્ઞાન વીર્ય

સુખ જીત વધારી, મદન જિન ભૂત મારા; ત્રિભુવન મેં જશ ગાવત તેરા, જગસ્વામી ૨ પ્રાણ પ્યારાજી. અ૦ ૫. નિજ આતમ ગુણ ધારી પ્રભુ જી, સકલ જગત્ સુખકારા; આનંદચંદ જિનેસર મેરા, તેરા. ચેરા ૨ હું સુખકારા જી. અ૦ ૬.

---

૫ શ્રી સુમતિનાથ જિન સ્તવન.

(નાથ કૈસે ગજ કે બંદ છૂડાયો એ દેશી.)

સુમતિ જિન તુમ ચરણે ચિત દીનો, એ તો જનમ જનમ દુખ છીનો સુ૦ આંકણી. કુમતિ કુટીલ સંગ દૂર નિવારી, સુમતિ સુગુણ રસ ભીનો; સુમતિનામ જિન મંત્ર સુણ્યો હૈ, મોહ નીંદ ભય ખીનો. સુ૦ ૧. કરમ પરજંક બંક અતિસિજયા, મોહ મૂઢતા દીનો, નિજ

ગુણ ભૂલ રચ્યો પરગુણ મેં જનમ મરણ દુખ લીનો. સુ૦ ૨. અબ તુમ નામ પ્રભંજન પ્રગટ્યો, મોહ અભ્ર છય કીનો; મૂઢ અજ્ઞાન અવિરતી, એ તો મૂલ છીન ભયે તીનોં. સુ૦ ૩. મન ચંચલ અતિભ્રામક મેરો, તુમ ગુણ મકરંદ પીનો, અવર દેવ સબ દૂર તજત હૈ, સુમતિ ગુપતિ ચિત દીનો. સુ૦ ૪. માત તાત તિરિયા સુત ભાઇ, તનધન તરૂણ નવીનો; એ સબ મોહજાલ કી માયા, ઇન સંગ ભયો હું મલીનો. સુ૦ ૫. દરસણ જ્ઞાન ચારિત્ર તીનો, નિજ ગુણ ધન હર લીનો; સુમતિ પ્યારી ભઇ રખવારી, વિષય ઇંદ્રી ભઇ ખીનો; સુ૦ ૬. સુમતિ સુમતિ સમતારસ સાગર, આગર જ્ઞાન ભરીનો; આતમરૂપ સુમતિ સંગ પ્રગટે, શમ દમ દાન વરીનો. સુ૦ ૭

૬ શ્રી પદ્મપ્રભ સ્તવન

(તખત હજારેતુગયો મૈંનુ છડ કે એ દેશી)

પદ્મપ્રભુ મુઝ પ્યારા જી, મન મોહનગારા ચંદ ચકોર મોર ઘન ચાહે, પંકજ રવિવન સારા જી. મન૦ ૧. ત્યું જિનમૂર્તિ મુઝ મન પ્યારી, હિરદે આનંદ અપારાજી. મન૦ ૨. અબ કયોં બેર કરી મુઝ સ્વામી, ભવોદધિપાર ઉતારા જી. મ૦ ૩. પંચ વિઘન ભય રતિ તુમ જીતી, અરતિ કામ વિડારા જી. મ૦ ૪. હાસ સોગ મિથ્યા સબ છારી, નીંદ અત્યાગ ઉખારા જી. મ૦ ૫. રાગ દ્વેષ કુન મોહ અજ્ઞાના, અષ્ટાદશ રોગ જારા જી. મ૦ ૬. તુમ હી નિરંજન ભયે અવિનાશી, અબ સેવક કી વારા જી. મ૦ ૭. હું અનાથ તુમ ત્રિભુવન-નાથા, વેગ કરો મુઝ સારા જી. મ૦ ૮. તુમ

પૂરણ ગુણ પ્રભુતા છાજે, આતમરામ આધારા જી. મ૦ ૯.

---

૭ શ્રી સુપાર્શ્વનાથ જિન સ્તવન

(મંદિર પધારો મારા પૂજ જી એ દેશી)

શ્રી સુપાસ મુઝ બીનતી, અબ માનો દીનદયાલ જી; તરણ તારણ તુમ વિરુદ છે, ભગત વછલ કિરપાલ જી. શ્રીસુ૦ ૧. અક્ષર ભાગ અનંત મેં, ચેતનતા મુઝ છોરજી, કરમ ભરમ છાયા મહા, જિન કીનો તમ મહા ઘોરજી. શ્રીસુ૦ ૨. ઘન ઘટા છાદિત રવિ જિસો, તિસો રહ્યો જ્ઞાન ઉજાસ જી; કિરપા કરો જો મુઝ ભણી, થાયે પૂરણ બ્રહ્મ પ્રકાસ જી. શ્રીસુ૦ ૩. બિન હી નિમિત્ત ન નીપજે, માટી તનો ઘટ જેમજી; તિમ હી નિમિત્ત જિનજી વિના,

ઉજ્વલ થાઉં હું કેમજી. શ્રીસુ૦ ૪. ત્રિકરણ શુદ્ધ થાવે યદા, તદા સમ્યગદર્શન પામ જી, દુજે ત્રિક બ્રહ્મ જ્ઞાન હૈ, ત્રિક મિટે શિવપુર ઠામ જી. શ્રીસુ૦ ૫. એહી ત્રિણત્રિક મુઝ દીજીએ, લીજિયે જસ અપાર જી; કીજીએ ભક્તસહાયતા, દીજીએ અજરઅમારજી. શ્રી ૬. અબ જિનવર મુઝ દીજીએ, આતમ ગુણ ભરપૂર જી; કર્મ તિમિર કે હરણ કાં, નિર્મલ ગગન જ્યૂં સુરજી. સુ૦ ૭.

---

૮ શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

ચાહત થી પ્રભુ સેવા કરુંગી ઉલટી કર્મ બનાધરી
એ દેશી

ચાહ લગી જિનચંદ્ર પ્રભુ કી, મુઝ મન સુમતિ જ્યું આઇરી; ભરમ મિથ્યામત દૂર

નસ્યો હુ જિન ચરણા ચિત લાઇ સખીરી ચા૦. સમ સંવેગ નિરવેદ હસ્યો હૈ, કરુણારસ સુખદાઇરી, જૈન બૈન અતિ નીકે સગરે, એ ભાવના મનભાઇ સ૦ ચા૦ ૨. સંકા કંખા ફલ પ્રતિ સંસા કુગુરૂ સંગ છિટકાઇરી, પર- સંસા ધર્મ હીન પુરૂષ કી ઇન ભવમાંહી ન કાંઇ સ૦ ચા૦ ૩. દુગ્ધ સિંધુ રસ અમૃત ચાખી સ્યાદ્વાદ સુખદાઇરી, જહર પાન અબ કૌન કરત હૈ દુરનય પંથ નસાઇ સ૦ ચ૦ ૪ જબ લગ પૂરણુ તત્વ ન જાણ્યો તબ લગ કુગુરૂ ભુલાઇરી, સપ્તભંગી ગર્ભિત તુમ વાણી ભવ્યજીવ સુખદાઇ સ૦ ચા૦ ૫. નામ રસા- યણુ સહુ જગ ભાખે મર્મ ન જાને કાંઇરી, જિન વાણી રસ કનક કરણુ કો મિથ્યા લોહ ગમાઇ સ૦ ચા૦ ૬. ચંદ કિરણુ જસ ઉજ્જલ

તેરો નિર્મલ જોત સવાઈરી, જિન સેવ્યો નિજ આતમ રૂપી અવર ન કોઇ સહાઈ સ૦ ચા૦ ૭.

---

૯ શ્રી સુવિધિનાથ જિન સ્તવન.

સુવિધિ જિન વંદના પાપનિકંદના જગત આનંદના મુક્તિદાતા, કરમ દલ ખંડના મદન વિહંડના ધરમ ધુર મંડના જગત ત્રાતા; અવર સહુ વાસના છોર મન આસના તેરી ઉપાસના રંગ રાતા, કરો મુજ પાલના માન મદ ગાલના જગત ઉજાલના દેહ સાતા. સુ૦ ૧ વિવિધ કિરિયા કરી મૂઢતા મન ધરી એક પક્ષે લરી જગત ભૂલ્યો, માન મદ મન-ધરી સુમતિ સબ પરિહરી જૈન મુનિ ભેખ ધર મૂઢ ફૂલ્યો; એહી એકંતતા અતિ હી દુરદંતતા નાસ કર સંતતા દુઃખ ઝૂલ્યો, સંગ સિદ્ધિ

કહી જ્ઞાન કિરયા વહી દૂધ સાકર મિલી રસ ઘોલ્યો. સ૦ ૨. બિના સરધાન કે જ્ઞાન નહીં હોત હૈ જ્ઞાન બિન ત્યાગ નહીં હોત સાચો, ત્યાગ બિન કરમ કા નાસ નહીં હોત હૈ કરમ નાસે બિના ધરમ કાચો; તત્વ સરધાન પંચાંગી સંમત કહ્યો સ્યાદ્વાદે કરી જૈન સાચો, મૂલ નિર્યુક્તિ અતિ ભાષ્ય ચૂર્ણી ભલો વૃત્તિ માનો જિન રાચો. સ૦ ૩. ઉત્સર્ગ અપવાદ અપવાદ ઉત્સર્ગ ઉત્સર્ગ અપવાદ મન ધાર લીજો, અતિ ઉત્સર્ગ ઉત્સર્ગ હૈ જૈન મેં અતિ અપવાદ અપવાદ કીજો; એ ષટ્ ભંગ હૈ જૈન બાણી તને સુગુરૂ પ્રસાદ રસ ઘુટ પીજો; જબ લગ બોધ નહીં તત્વ સરધાન કા તબ લગ જ્ઞાન તુમકો ન લીજો. સુ૦ ૪. સમય સિદ્ધાં-તના અંગ સાચા સબી સુગુરૂ પ્રસાદ થી પાર

પાવે, દર્શન જ્ઞાન ચારિત્ર કરી સંયુતા દાહ
કર કર્મકો મોખ જાવે, જૈન પંચાંગીકી રીતિ
ભાંજી સબી કુગુરુ તરંગ મન રંગ લાવે; તે
નરા જ્ઞાન કો અંસ નહીં ઉપનો હાર નરદેહ
સંસાર ધાવે. સુ૦ ૫. તત્વ સરધાન બિન
સર્વ કરણી કરી વાર અનંત તું રહ્યો રીતો,
પુણ્ય ફલ સ્વર્ગ મેં ભોગ ઉંઘો ગિર્યો
તિર્યગ્ ઓતાર બહુ વાર કીતો; ઊંટ કા મેગણા
ખાંડ લાગી જીસો અંત મેં સ્વાદસે ભયો
ફીકો, ચાર ગત વાસ બહુ દુઃખ નાના ભરે,
ભયો મહામૂઢ સિર મૌર ટીકો. સુ૦ ૬.
સુવિધિ જિનંદ કી આન અવધાર લે કુમત
કુપંથ સબ દૂર ટારો, પક્ષ કદાગ્રહ મૂલ નહીં
તાનિયો જાનીયો જૈન મત સુધ સારો; મહા-
સંસાર સાગરથકી નીકલી કરત આનંદ નિજ

રૂપ ધારો, સુકલ અરુ ધરમ દોઉ ધ્યાન કો સાધવે આતમા રૂપ અકલંક ધ્યારો. સુ૦ ૭.

---

૧૦ શ્રી શીતલનાથ જિનસ્તવન

(વણુજારેકી દેશી)

શીતલ જિનરાયા રે ત્રિભુવન પૂરન ચંદ શીતલ ચંદન સારિસો જિનરાયા રે, જિન મુઝ મન કમલ દિનંદ જ્યોં લોહ ને પારસો. જિ૦ ૧. જિ૦ ઓર ન દાતા કોય અભય ખેદ અભેદનો. જિ૦ જિ૦ સગરે દેવ નિહાર કોન હરે મુઝ કેદનો. જિ૦ ૨. જિ૦ ગર્ભવાસ દુઃખ પૂર કલમલ સંચુત થાનમેં, જિ૦ જિ૦ પિત્ત સલેખમપુર દુઃખભરે બહુ જાનમેં જિ૦ ૩. જિ૦ જન મત દુખ અપાર મોહદશા મહા ફંદમેં જિ૦ જિ૦ અબ મનમાંહિ વિહાર

કીટ કુંસ્યો જૈસે ગંદમેં. જિ૦ ૪. જિ૦ પર-
વશ દીન અનાથ મુઝ કરૂણાચિત આનિયે
જિ૦, જિ૦ તારો જિનવર દેવ વિનતડી ચિત
ઠાનિયે જિ૦ ૫. જિ૦ કરૂણાસિંધુ તુમ નામ
અબ મોહિ પાર ઉતારિયે જિ૦ જિ૦ અપણા
બિરદ નિબાહુ અવગુણ ગુણ ન વિચારિયે.
જિ૦ ૬. જિ૦ શીતલ જિનવર નામ શીતલ
સેવક કીજિયે, જિ૦ જિ૦ શીતલ આતમ રૂપ
શીતલ ભાવ ધરીજિયે જિ૦ ૭ જિ૦

---

૧૧ શ્રી શ્રેયાંસનાથ જિન સ્તવન.

(પીલેં રે પ્યાલા હોય મતવાલા એ દેશી.)

શ્રી શ્રેયાંસ જિન અંતરજામી, જગ
વિસરામી ત્રિભુવન ચંદા. શ્રી૦ શ્રે૦ કલ્પતરૂ
મનવાંછિત દાતા, ચિત્રાવેલ ચિંતામણિ

ભ્રાતા; મનવાંછિત પૂરે સબ આસા, સંત ઉદ્ધારણ ત્રિભુવન ત્રાતા, શ્રી શ્રે૦ ૧. કોઇ વિરંચિ ઇશ મન ધ્યાવે, ગોવિંદ વિષ્ણુ ઉમાપતિ ગાવે, કાર્ત્તિક સામ મદન જસ લીના-કમલા ભવાની ભગતિ રસ ભીના. શ્રી શ્રે૦ ૨. એહી ત્રિદેવ દેવ અરુ દેવી, શ્રી શ્રેયાંસ જિન નામ રટંદા; એક હી સૂરજ જગ પરગાસે, તારપ્રભા તિહાં કૌન ગણુંદા. શ્રી શ્રે૦ ૩. ઐરાવણ સરિસો ગજ છાંડી, લંબકરણ મન ચાહ કરંદા, જિન છોડી મન અવર દેવતા, મૂઢમતિ મન ભાવ ધરંદા. શ્રી શ્રે૦ ૪. કોઇ ત્રિશૂલી ચક્રી કુન કોઇ, ભામિની કે સંગ નાચ કરંદા; શાંત રૂપ તુમ મૂરતિ નીકી, દેખત મુઝ તન મન હુલસંદા. શ્રી શ્રે૦ ૫ ચાર અવસ્થા તુમ તન સોભે, બાલ તરુણ

મુનિ મોક્ષ સોહંદા, મોહ હર્ષ તન ધ્યાન પ્રદાતા, મૂઢમતિ નહીં ભેદ લહંદા. શ્રી શ્રે૦. ૬ આતમ જ્ઞાન રાજ જિન પાયો, દૂર ભયો નિરધન દુખ ધંદા, સમતાસાગર કે વિસરામી, પાયો અનુભવ જ્ઞાન અમંદા. શ્રી શ્રે૦ ૭

---

૧૨ શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન.

(અડલ કી ચાલ)

વાસુપૂજ્ય જિનરાજ આજ મુજ તારીયે, કરમ કઠણ દુઃખ દેત કે વેગે નિવારીયે; વીતરાગ જગદીશ નાથ ત્રિભુવન તિલો; મહાગોપ નિર્યામ ધામ સબ ગુણનીલો. ૧ કાલસુભાવ મિલાન કરમ અતિ તીસરો, હોનહાર જિય સક્તિ પંચ મિલી ધીસરો; એક અંસ મિથ્યાત વાત એ સાંભલી, કીયે મદિરા

પાન આંખ ભઇ ધામલી. ૨ પંચમ કાલ વિહાલ નાથ હું આઇયો, મિથ્યા મત બહુ જોર ઘોર અતિ છાઇયો; કલહ કદાગ્રહ સોર કુગુરુ બહુ છાઇયો, જિન બાણી રસ સ્વાદ કે વિરલે પાઇયો, તુજ કિરપા ભઇ નાથ એક મુજ ભાવના. ૩ જિન આજ્ઞા પરમાણુ ઓર નહીં ગાવના, પક્ષપાત નહી લેસ દ્વેષ કિન સૂં કરું; એહી સ્વભાવ જિનંદ સદા મન મેં ધરું. ૪ કિંચિત્ પુન્ય પ્રભાવ પ્રગટ મુજ દેખીયે, જિન આણાયુતભક્તિ સદા મન લેખીયે; હોનહાર સુભ પાય મિથ્યા મત છાંડીયે, સાર સિદ્ધાંત પ્રમાણુ કરણુ મન માંડીયે. ૫ એક અરજ મુજ ધાર દયાલ જિનેસરુ, ઉદ્યમ પ્રબલ અપાર દીયો જગ ઇસરુ; તુજ વિન કૌન આધાર ભવો દધી

તારણે, વિરૂદ નિવાહો રાજકરમ દલ કારણે.
૬. આતમ રૂપ ભુલાય રમ્યો પર રૂપ મેં,
પર્યો હું કાલ અનાદિ ભવોદધિ કૂપ મેં;
અબ કાઢો ગ્રહી હાથ નાથ મુજ બ્હારીયા,
પાઉં પરમાનંદ કરમ જર જારીયા. ૭

---

૧૩ શ્રી વિમલનાથ જિનસ્તવન

(સુંદર ચેત વહાર સાર પાલ સરફુલે એ દેશી)

વિમલ સુહંકર નાથ આસ અબ હમરી પૂરો, રોગ સોગ ભયત્રાસ આસ મમતા સબ ચૂરો; દીજો નિરભય થાન ખાન અજરામર ચંગી, જનમ જનમ જિનરાજ તાજ બહુ ભગત સુરંગી ૧. માત તાત સુત ભ્રાત જાન બહુ સજન સુહાયે, કનક રતન બહુ ભૂર ફૂર મન ફંદ લગાયે; રંભા રમણ અનંગ સંગ

બહુ કેલ કરાયે, સંધ્યા રંગ વિરંગ દેખ છિનમેં વિરલાયે ૨. પદમ રાગ સમ ચરણ કરણ અતિ સોંહે નીકે, તરુણ અરુણ સિત નયન વયણ અમૃત રસ નીકે; વદન ચંદ જ્યું સોમ મદન સુખ માને જીકે, તુઝ ભક્તિ વિન નાથ રંગ પતંગ જ્યૂં ફીકે ૩. ગજ વર તરલ તુરંગ રંગ બહુ ભેદ વિરાજે, કંકણ હાર કિરીટ કરણ કુંડલ અતિ સાજે, રાગ રંગ સુખ ચંગ ભોગ મન નીકે ભાયો, તુજ ભક્તિ બિન નાથ જાન તિન જનમ ગમાયો. ૪. રતન જરત વિમાન ભાન જ્યૂં ભયે સનૂરે, રંભા રમણ આનંદકંદ સુખ પાયે પૂરે; ષોડસ નિત્ય સિંગાર નાચ સ્થિતિ સાગર પૂરે, જિન ભક્તિ ફલ પાયે મોક્ષ તિન નાહી દૂરે ૫. ધન ધન તિન અવતાર ધાર જિન

ભક્તિ સુહાની, દયા દાન તપ નેમ સીલ ગુણ મનસા ઠાની; જિન વર જસમેં લીન પીન પ્રભુ અર્ચ કરાની, તુઝ કિરપા ભઇ નાથ આજ હું ભક્તિ પિછાની ૬. જગ તારક જગદીસ કાજ અબ કીજે મેરો, અવર ન શરણ આધાર નાથ હું ચેરો તેરો; દીન હીન અબ દેખ કરો પ્રભુ વેગ સહાઇ, ચાતક જ્યું ઘન ઘોર સોર નિજ આતમ લાઇ.

---

૧૪ શ્રી અનન્તનાથ જિન સ્તવન

(નીદલડી વૈરન હો રહી એ દેશી)

અનંત જિનંદસુ પ્રીતડી, નીકી લાગી હો અમૃતરસ જેમ; અવર સરાગી દેવની, વિષસરખી હો સેવા કરૂં કેમ અ૦ ૧. જિમ પદમની મન પિઉ વસે, નિર્ધનીયા હો મન ધન કી પ્રીત,

મધુકર કેતકી મન બસે, જિમ સાજન હો
વિરહી જન ચીત અ૦ ૨. કરસણ મેઘ આ-
ષાડ જ્યું, નિજ વાછરૂ હો સુરભી જિમ પ્રેમ;
સાહિબ અનંતજિનંદસૂ, મુઝ લાગી હો ભક્તિ
મન તેમ. અ૦ ૩. પ્રીતિ અનાદિની દુખ ભરી,
મેં કીધી હો પર પુદગલ સંગ, જગત ભમ્યો
તિન પ્રીત સૂ, સાંગ ધારી હો નાચ્યો નવ
નવ રંગ. અ૦ ૪. જિસ કો આપણા જાનીયો,
તિન દીધા હો છિનમેં અતિછેહ; પરજનકેરી
પ્રીતડી, મેં દેખી હો અંતે નિસનેહ. અ૦ ૬
મેરો કોઇ ન જગત મેં, તુમ છોડી હો
જગમેં જગદીસ; પ્રીત કરું અબ કોનસૂ, તું
ત્રાતા હો, મોને વિસવા વિસ અ૦ ૬. આત-
મરામ તું માહરો, સિર સેહરો હો હિયડેનો

હાર; દીનદયાળ કિરપા કરો, મુઝ વેગે હો

અબ-પાર ઉતાર. અ૦ ૭.

---

૧૫ શ્રી ધરમનાથ જિન સ્તવન.

(માલા કિહાં છેરે એ દેશી.)

ભવિક જન વંદો રે ધરમ જિનેસરધરમ સ્વરૂપી, જિનંદ મોરા. પરમધરમ પરગાસૈ રે; પરદુ:ખભંજન ભવિમન રંજન જિ૦ દ્વાદસ પરષદા પાસે રે, ભવિક જન વંદો રે; ધરમ જિનેસર વંદો પરમસુખ વંદો રે. ભ૦ ૧
ધરમ ધરમ સહુજન મુખ ભાખૈ, જિ૦ મરમ ન જાને કોઇ રે ધરમ જિનંદ શરણુ જિન લીના. જિ૦ ધરમ પિછાણે સોઇ રે. ભ૦ ૨
દ્રવ્ય ૧ ભાવ ૨ સ્વદયા ૩ મન આણો, જિ૦

પર ૪ સરૂપ ૫ અનુબંધોરે ૬ વ્યવહારી ૭ નિશ્ચે ૮ ગિન લીજો. જિ૦ પાલો પરમ ન બંધોરે. ભ૦ ૩ જયના સર્વ કામમેં કરણી જિ૦ ધરમદેસના દીજેરે, જિનપૂજા યાત્રા જગતરણી જિ૦ અંતઃકરણ શુદ્ધ લીજેરે ભ૦ ૪ ષટ કાયા રક્ષા દિલ ઠાની. જિ૦ નિજ આતમ સમઝાનો રે, પૌદગલિક સુખ કારજકરણી જિ૦ સરૂપ દયા કહી જ્ઞાની રે. ભ૦ ૫ કરિ આડંબર જિન મુનિ વંદે. જિ૦ કરી પ્રભાવના મંડે રે, વિન કરુણા કરુણા ફલભાગી, જન્મ મરણ દુઃખ છંડે રે ભ૦ ૬ વિધિમારગ જયણા કરી પાલે જિ૦ અધિક હીન નહી કીજે રે, આતમરામ આનંદઘન પાયો જિ૦ કેવળજ્ઞાન લહીજે રે. ભ૦

---

૧૬ શાંતિનાથ જિન સ્તવન.

(ભવિક જન નિત્ય યે ગિરિવંદો એ દેશી)

ભવિક જન શાંતિ હે જિન વંદો, ભવ ભવના પાપ નિકંદો; ભવિકજન શાંતિ હે જિન વંદો. ૧ પૂરવ ભવ શાંતિ કરીનો, કાપોત પાલ સુખ લીનો; કરુણા રસ સુધમન ભીનો, તે તો અભયદાન બહુદીનો. ભ૦ ૨ અચિરાનંદન સુખદાઈ, જિન ગર્ભે શાંતિ કરાઈ; સુરનર મિલ મંગલ ગાઇ, કુરુ મંડન ર મારિનસાઇ; ભ૦ ૩ જગત્યાગ દાન બહુ દીના, પામર કમલા પતિ કીના; સુદ્ધપંચ મહાવ્રત લીના, પાયા કેવલજ્ઞાન આઈના. ૪ જગ શાંતિક ધરમ પ્રગાસે, ભવ ભવના અઘ સહુ નાસે; શુદ્ધ જ્ઞાન ઘટભાસે; તુમ નામે અરે ર પરમ સુખ પાસે. ભ૦ ૫ તુમ નામ શાંતિ સુખદાતા, તું માત

તાત મુઝ ભ્રાતા; મુજ તમ હુશો ગુણ જ્ઞાતા,
તુમ શાંતિક અરે જગત વિધાતા. ભ૦
૬ તુમ નામે નવનિધ લહિયે, તુમ ચરણ
શરણથહી રહિયે; તુમ અર્ચન તન મન વહિયે,
એહી શાંતિક અરે ૨ ભાવના કહિયે. ભવિ૦
૭ હું તો જનમ મરણ દુઃખ દહિયો, અબ
શાંતિ સુધારસ લહિયો; એક આતમ કમલ
ઉમહિયો, જિન શાંતિ અરે ૨ ચરણકજ
ધહિયો. ભવિ૦ ૮

---

૧૭ શ્રી કુંથુનાથ જિન સ્તવન.

(ભાવનાકી દેશી)

કુંથુજિનેસર સાહિબ તું ધણી રે, જગ-
જીવન જગદેવ; જગત ઉધારણ શિવસુખકારણો

રે; નિશદિન સારો સેવ. કું૦ ૧ હું અપરાધી કાલ અનાદિનો રે, કુટલ કુબોધ અનીત; લોભ ક્રોધ મદમોહ માચીયો રે, મછર મગન અતીત. કું૦ ૨ લંપટ કંટક નિંદક દંભીયો રે, પરવંચક ગુણ્ચોર; અપથાપક પર નિંદક માનીયો રે, કલહ કદાગ્રહ ઘોર. કું૦ ૩ ઇત્યાદિક અવગુણ કહું કેતલા રે, તુમ સબ જાનનહાર; જો મુજ વીતક વીત્યો વીતસે રે, તું જાને કરતાર. કું૦ ૪ જો જગપૂરણ વૈદ્ય કહાઇયો રે, રોગ કરે સબ દૂર; તિનહી અપણા રોગ દિખાઇયે રે, તો હોવે ચિંતા ચૂર. કું૦ ૫. તુ મુજ સાહિબ વૈદ્ય ધનંતરી રે, કર્મ રોગ મોહ કાટ, રત્નત્રયી પંથ મુઝ મન માનીયો રે; દીજો સુખનો થાટ. કું૦ ૬ નિર્ગુણ લોહ કનક પારસ કરે રે, માગે નહી

કુછ તેહ; જો મુજ આતમ સંપદ નિર્મલી રે,
દાસ ભણી અબ દેહ. કું૦ ૭

---

૧૮ શ્રી અરનાથજિન સ્તવન

(ચંદ્રપ્રભુ મુખચંદ્ર સખી મોને દેખણુદે એ દેશી)

અરજિનેશ્વરચંદ્ર સખી મુને દેખણુદે, ગત કલિમલ દુઃખ દંદ સ૦ ત્રિભુવન નયનાનંદ, સ૦ મોહ તિમર ભયો મંદ સ૦ ૧. ઉદર ત્રિલોક અસંખ મેં, સ૦ મહરિદ નીર નિવાસ સ૦, કઠન સિવાલ આછાદીયો સ૦, કરમ પડલ અઠ તાસ સ૦ ૨. આદિઅંત નહી કુંડની સ૦ અતિહી અજ્ઞાન અંધેર, સ૦ સ્વજનકુટંબે મોહીયો સ૦ વીત્યો સાંઝ સવેર સ૦ ૩. ખય ઉપસમ સંયોગથી સ૦ કરમ પટલ ભયો દૂર સ૦ ઉરધમુખી પુન્યે કરયો

સ૦ સ્વજન સંગ કરચો ચૂર. સ૦ ૪. પહુતો જિનવર આસના સ૦ દીઠો આનંદપુર સ૦ દીનદયાલ કૃપા કરી સ૦ રાખો ચરણ હજૂર. સ૦ ૫. જિન કષ્ટે હું આવીયો સ૦ જાણે તું કરતાર સ૦ બિરુદ સુણ્યો જિન તાહરો સ૦ ત્રિભુવન તારણહાર. સ૦ ૬. સુમતિ સખી સુણ વારતા સ૦ એ સબ તુઝ ઉપગાર સ૦ આતમરામ દિખાલીયો સ૦ વંછિત ફલ દાતાર. સ૦ ૭.

---

૧૯ શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

(રામચંદ્ર કે બાગ ચંપા મોહર રહ્યો એ દેશી,)

મલ્લિજિનેસર દેવ ભવદધિ પાર કરો જી,
તું પ્રભુ દીનદયાલ; તારક બિરુદ ધરો જી. ૧.
તુમ સમ બૈદ ન કોય, જાનો મર્મ ખરોરી,
જાવે જિસ વિધરોગ, તેસો હી જ્ઞાન ધરોરી. ૨

અડકર્મ ચાર કષાય, રોગ અસાધ્ય કહ્યોરી;
મદન મહા દુઃખ દેન, સબ જગ વ્યાપ રહ્યોરી. ૩
તું પ્રભુ પૂરણ બૈદ, ત્રિભુવન જાચ લહ્યોરી;
કિરપા કરો જગનાથ, અબ અવકાસ થયોરી. ૪
વચન પિયૂષ અનૂપ, મુઝ મન માંહિ ધરોરી;
દીજો પથ્ય પ્રદાન, મન તન દાહ હરોરી. ૫
સમ્યગ્દર્શન જ્ઞાન, ખમ મૃદુ સરલ ભલોરી;
તોષ અવેદ અભંગ તો સહુ રોગ દલ્યો રી. ૬
પથ્યોદન જિનભક્તિ, આતમરામ રમ્યો રી,
તુઠો મલ્લિજિનેશ, અરિદલ દૂર દમ્યો રી. ૭

---

૨૦ શ્રી મુનિસુવ્રત જિન સ્તવન

(પ્રેમલા પરણી એ દેશી)

શ્રી મુનિસુવ્રત હરિકુલચંદા, દુરનય પંથ

નસાયો; સ્યાદ્વાદ રસ ગર્ભિત વાની, તત્ત્વસ્વ-
રૂપ જનાયો, સુજ્ઞાની જિનવાણી રસ પીજો
અતિ સન્માની ૧. બંધ મોક્ષ એકાંતે માની
મોક્ષ જગત ઉછેદે, ઉભય નયાત્મક ભેદ ગ્રહીને
તત્ત્વપદાર્થ બેદે. સુજ્ઞા૦ ૨. નિત્ય અનિત્ય
એકાન્ત ગ્રહીને, અરથ ક્રિયા સબ નાસે;
ઉભય સ્વરૂપે વસ્તુ વિરાજે, સ્યાદ્વાદ ઇમ ભાસે.
સુજ્ઞા૦ ૩. કરતા ભુગતા બાહિજ દ્રષ્ટે,
એકાંતે નહિં થાવે; નિશ્ચય શુદ્ધ નયાત્મ
રૂપે, કુણ કરતા ભુગતાવે. સુ૦ ૪. રૂપ વિના
ભયો રૂપસરૂપી, એક નયાત્મસંગી; તમ
વ્યાપી વિભુ એક અનેકા, આનંદઘન દુખ
રંગી સુ૦ ૫. શુદ્ધ અશુદ્ધ નાસ અવિનાસી,
નિરંજન નિરાકારો, સ્યાદવાદ મત સગરો
નીકો દુરનય પંથ નિવારો–સુ૦ ૬. સપ્ત.

ભંગી મત દાયક જિનજી, એક અનુગ્રહ કીજો;
આત્મરૂપ જિસો તુમે લાધો, સો સેવક કો
દીજો સુ૦ ૭.

---

૨૧ શ્રી નમિનાથ જિન સ્તવન.

(આમિલવે બંસી વાલા-કાન્હા એ દેશી)

તારોજી મેરે જિનવર સાંઇ બાંહ પકડ કર મોરી, કુગુરુ કુપંથ ફંદથી નિકસી, સરણુ ગહી અબ તોરી. તા૦ ૧. નિત્ય અનાદિ નિગોદ મેં રુલતાં, ઝૂલતાં ભવોદધિમાંહી, પૃથ્વી અપ્ તેજ વાત સ્વરૂપી, હરિત કાય દુઃખ પાઇ. તા૦ ૨ બિતિચઉરિંદ્રી જાતભયાનક સંખ્યા દુઃખકી ન કાંઇ, હીન દીન ભયો પરવસ પરકે ઐસે જનમ ગમાઇ. તા૦ ૩. મનુજ અનારજ કુલ મેં ઉપનો તોરી ખબર ન કાંઇ, જયૂંત્યૂં

કર પ્રભુ મગ અબ પરખ્યો; અબ કચોં બેર લગાઈ. તા૦ ૪. તુમ ગુણ કમલ ભ્રમર મન મેરો, ઉડત નહીં હૈ ઉડાઇ, તૃષિત મનુજ અમૃતરસ ચાખી રુચિ સે તસ બુઝાઇ. તા૦ ૫. ભવસાગર કી પીર હરો સબ, મેહર કરો જિનરાઈ; દૃગ કરુણા કી મોહ પર કીજે, લીજે ચરણ સુહાઇ તા૦ ૬. વિપ્રાનંદન જગ દુઃખકંદન, ભગત વચ્છલ સુખદાઈ; આતમ-રામ રમણજગ સ્વામી, કામિત ફલ વરદાઇ. તા૦ ૭

---

૨૨ શ્રી નેમિનાથ જિન સ્તવન

ચૈતમે સોહાગ સહિયાં ફૂલીયો સબ રૂપમેં, જ્ઞાન કુલ ચારિત ફલ ભર; લાગીયો ચિદ રૂપ મેં, પુન્ય યોવન ચર્યો નીકો, કરણ

પંચ સનૂરીયાં, અબ દેખ નેમ વિયોગ સેતી, ભયે છિનક મેં દુરીયાં. ૧. વૈશાખ તામસ ઉઠીયો સબ ફુલ ફલ મુરઝાઇયા, ચિત દાહ ભસ્મીભુત કીનો શાંતિરસ સુસાઇયા; મન સૈલ રાજ કઠન કીનો દંભ નાગન ધાઇયાં, અબ પ્યાસ શાંત ન હોત કિમ હી ત્રિભુવન ધન જલ પાઇયાં ૨. જેઠ જાગી કુગુરૂવાયુ અંધીયાં બહુ આઇયાં, તન મન સબી મલિન કીને, નયન રજ બહુ છાઇયાં, કછુ આપ પર કી સૂઝ નાંહી પરો ઘોર અંધેરમેં, સબ રૂપ સુન્દર છાર કીને, મોહ મહાતમ ઘેરમેં ૩. આષાડ કુગુરુ પ્રદાન કીનો તમ વાત ચઉરાસીયાં, માનસી તન રોગ પીરા ધરમ ગરમી ફાસીયાં, અધોભૂમી નરક તાતી છાતીયાં બહુ દુખ ભરે, અબ નેમ સમરણ

કીજીયે તનતપત ટારે દુખ હરે ૪. સાવનઘટા ઘનઘોર ગરજી નેમ બાની રસ ભરી, અપછંદ નિંદક સંઘ કે તિન જાન સિર વિજરી પરી, સત્તા સુભૂમી ભવ્યજન કી અંસઅંસે સબ ઠરી અબ આસ પુન્ય અંકુર કી મનમોદ સહિયાં ફિરખરી ૫. ભાદો ભએ કુન પુન્ય પૂરે ધરમ વારી લહ લહી, સહસ અષ્ટાદસ દલે સીલાંગ સંજ્ઞા ઝુમ રહી, સરધાન જલસુધ સીંચતા અતિજ્ઞાન તરુવર ફુલ રહે, લાગેંગે અજરામર ફૂલમધુ નેમ આણા સિર વહે. ૬. આસુ પુકારે કુગુરુ પિતરા હમરી ગત તુમ કીજીયે, ભવ્ય બ્રાહ્મણ ખીર જિનવચ ચાખીયે રસ પીજીયે, કુગુરુ ખાલી હાથ બેઠે પાયે નરભવ ખોય કે, પૂજો દસહરા ધરમ દસ વિધ જ્ઞાન દરસન જોય કે. ૭ કાર્તિક દીવાલી જ્ઞાન દીપક ભરમ

તિમર ઉડાઈયા, અબ જ્ઞાનપંચમ નિકટ આઇ-
કરણુ ત્રિકસુદ્ધ પાઇયા, અષ્ટદ્રષ્ટિ જોગસાધી;
ભાવનાત્રિક ભાઇયા, અબ ભઇ કુમતિ તપ્તદ્દરી
સીત જિમ વચ પાઈયા. ૮ મગસર ભયે સબ
છાર મમતા જાનમહા દુખ રાસીયા, સુત
ત્રાત ભ્રાતા મિત્ર જનની જાન મહા દુઃખ
ફાસિયા, કોઇ ન તેરા મીત દુરજન સજ્જન
સંગી હિત કરો, ઇક નેમ ચરણુ આધાર
શિવમગ આસ મનમાંહી ધરો. ૯ પોષે તનુ
પરિવાર પર જન મિત તેરે હૈ નહી, તડિત
દમક જ્યૂ કાન કરિવર રાગ સંધ્યા છિન રહી,
ચક્રી હલધર શંખભૃત જન દેખ સુપના રૈનકા,
કોઇન થિરતા જાન અબ મન આસરા જિન
બેન કા. ૧૦ માહ મહ કી વાસના મન
જ્ઞાન દરસન મે લિયા, યામ તપ સુમતિ

કુઠારે કરમ છિલ્લક છેલીયા, જારકે સબ મદન વન ધન મોખમાર્ગ ફેલીયા, અઝ દેખ ચંગ અખંડ રાજુલ નેમ હોરી ખેલીયા. ૧૧ સીલ સજ તનુ કેસરી પિચકારીયાં સુભ ભાવના જ્ઞાન માદલ તાલ સમ રસ રાગ સુધગુણ ગાવના ધૂર ઊડી કરમ કી સબ સાંગ સગરે ત્યાગીયા, નેમ આતમરામ કા ધરી ધ્યાન શિવ મગ લાગિયા. ૧૨

---

૨૩ શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

(રાગ બહંસ.)

મૂરતિ પાસ જિનંદકી સોહની, મોહની જગત ઉદ્ધારણહારી. મૂ૦ આંકણી૦ નીલ કમલ દલ તનપ્રભુ રાજે, સાજે ત્રિભુવન જન સુખકારી, મોહ અજ્ઞાન માન સબદલની, મિથ્યા

મદન મહા અઘજારી. મૂ૦ ૧. હું અતિ હીન-
દીન જગવાસી, માયા મગન ભયો સુદ્ધબુદ્ધ
હારી, તો વિન કૌન કરે મુઝ કરુણા, વેગો લો
અબ ખબર હમારી. મૂ૦ ૨. તુમ દરસન વિન
બહુ દુખ પાયો, ખાયે કનક જસ ચરી મતવારી
કુગુરુ કુસંગ રંગવસ ઉરઝ્યો, જામી નહી
તુમ ભગતી પ્યારી મૂ૦ ૩. આદિઅંત બિન જગ
ભરમાયો, ગાયો કુદેવ કુપંથ નિહારી, જિન
રસ છોર અન્ય રસ ગાયો; પાયો અનંત મહા-
દુખ ભારી. મૂ૦ ૪. કૌન ઊધાર કરે મુઝકેરો,
શ્રી જિન વિન સહુ લોક મઝારી, કરમ કલંક
પંક સબ જારે, જો જન ગાવત ભગતિ તિહારી.
મૂ૦ ૫. જૈસે ચંદ ચકોરન નેહા મધુકર કેતકી
દલમન પ્યારી; જનમ જનમ પ્રભુ પાસજિનેસર,
બસો મન મેરે ભગતિ તિહારી. મૂ૦ ૬. અશ્વ-

સેન વામા કે નંદન, ચંદન સમ પ્રભુ તમ
બુઝારી, નિજ આતમ અનુભવ રસ દીજો,
કીજો પલક મેં તનુ સંસારી. મૂ૦ ૭

---

૨૪ શ્રી મહાવીર જિન સ્તવન.

ગીત કી દેશી.

ભવોદધિ પાર ઉતારણી જિનવર કી વાણી,
પ્યારી હે અમૃત રસ કેલ; નીકી હૈ જિનવર
કી વાણી; ભરમ મિથ્યાત નિવારિયો. જી૦
દીધો હે અનુભવ રસ મેલ, પ્યારી હૈ જી૦ ૧
હમ સરિખા અતિ દીનને જી૦ દૂખમ હે
અતિઘોર અંધાર, પ્યારી૦ જી૦ જ્ઞાન પ્રદીપ
જગાવીયો, જી૦ પામ્યા હૈ અતિમારગ સાર,
પ્યારી૦ જી૦ ૨ અંગ ઉપાંગ સ્વરૂપ તું, જી૦
પઈન્ને હે છ છેદ ગરંથ, પ્યારી૦ જી૦ ચૂર્ણિ

ભાષ્ય નિર્યુક્તિ સું, જી૦ વૃત્તિ હે નીકી મોક્ષ કે। પંથ. પ્યારી૦ ૩ સદ્દગુરૂ કી એ તાલિકા, જી૦ જાસુ હે ખુલે જ્ઞાન ભંડાર, પ્યારી૦ જી૦ ઇન વિન સૂત્ર વખાણિયો જી૦ તસ્કર હે તિણુ લોપી કાર, પ્યારી૦ જી૦ ૪ સોહમ ગણુધર ગુણુનીલો, જી૦ કીધો હે જિન જ્ઞાન પ્રકાશ, પ્યારી૦ જી૦ તુઝ પાટોધર દીપતા જી૦ ટારયો હે જિન દુરનય પાસ, પ્યારી૦ જી૦ ૫. હમ સરિખા અનાથને, જી૦ ફિરતા હે વીત્યો કાલ અનંત, પ્યારી૦ જી૦ ઇન ભવવીતક જે થયા, જી૦ તૂં જાણે હે તોસુ કૌન કહંત, પ્યારી૦ જી૦ ૬ જીનવાણી વિન કૌન થા, જી૦ મુજનૈ હે દેતા મારગ સાર, પ્યારી૦ જી૦ જયો જિનવાણી ભારતી. જી૦ જારયા હે મિથ્યામત ભાર, પ્યારી૦ જી૦ ૭ હું અપરાધી

દેવનો, જી૦ કરી ચે હે મુજને બગસીસ, પ્યારી૦ નિંદક પાર ઉતારણા. જી૦ તુહી હે જગ નિર્મળ ઇસ. પ્યારી૦ જી૦ ૮ બાલક મૂર્ખ આકરો જી૦ ધીઠો હે વલિ અતિ અવિનીત. પ્યારી૦ જી૦ તો પિણ જનકે પાલિચે, જી૦ ઉત્તમ હે જનની એ રીત. પ્યારી૦ જી૦ ૯ જ્ઞાન હીન અવિવેકીયા, જી૦ હઠી હે નિંદક ગુણ ચોર. પ્યારી૦ જી૦ તો પિણ મુજને તારીચે જી૦ મેરી હે તોરો મોહની દોર. પ્યારી૦ જી૦ ૧૦ ત્રિશલાનંદન વીરજી, જી૦ તુંતો હે આસાવિસરામ પ્યારી૦ જી૦ અજર અમરપદ દીજીયે જી૦ થાઉં હે જીમ આતમરામ. પ્યારી૦ જી૦ ૧૧

કલશ.

ચોવીસ જિનવર સયલ સુખકર ગાવતાં મન ગહ ગહે, સંઘ રંગ ઉમંગ જિનગુણ

ભાવતાં શિવ પદ લહ; નામે અંબાલા નગર
જિનવર વૈન રસ ભવિજન પિયે સંવચ્છરે,
ખં અગ્નિ નિધિ વિધુ (૧૯૩૦) રૂપ આતમ
જસ જસ કિયે. ૧

દોહા.

જિનવર જસ મનમોદ થી, હુકમ મુનિકે હેત;
જો ભવિ ગાવત રંગસુ, અજર અમરપદ દેત.

તીર્થ વંદનમ્.

વિહરમાન જિનંદ વંદુ, ઉદિત કેવલ ભાસ્કરં, અસંખ લોક નિવાસ પ્રભુના, સાસ્વતા અઘ નાસ્કરં; અષ્ટાપદે સમ્મેત ચંપા નેમ ગઢ ગિરિ મંડના, શ્રી વીર પાવા વિમલ ગિરિવર કેસરા દુઃખ ખંડના. ૧ આબુ તરંગા દરસ ચંગા શિવ અભંગા કારણા, શ્રી અંતરિખ જિનંદ પારસ થંભણા દુઃખ વારણા; સંખેસરા અલવેસરા જગ પાવના જીરાવલા; ચિંતામણિ ફલવર્દ્ધિ પારસ મલ્લિ ભવોદધિ નાવલા. ૨ વરકાણુ રાણુ નાડોલ નગરે વીર ઘાણે ગોડીએ, શ્રી નાડુલાઇ સુવીર રાતા વંદીએ ભવ તોડીએ; શ્રી પાલી પાટણ રાજનગરે ઘનોઘમંડન પાસજી, ઇમ જેહ થાનક ચૈત્ય જિનવર ભવિક પૂરે આસજી. ૩ સહુ સાધુ ગણધર કેવલી

કુન સંઘ ભવ જલ તારણા, સુધ જ્ઞાન દરસન ચરણ સાચા મહાનંદે કારણા; યેહ તીર્થ વંદન ભવ નિકંદન ભવિક શુધ મન કીજીએ, નિજરૂપ ધારે ભરમ ફારે અનઘ આતમ લીજીએ. ૪

સિદ્ધાચલનાં સ્તવનો.

(રાગ–વસંત હોરી.)

૧

સાચા સાહિબ મેરા સિદ્ધાચલ સ્વામી ટેક. ચેતન કરમકો જાલ ફસ્યો હે, વેગા હી કરહુ નિવેરા. સિદ્ધા૦ ૧ દરસ કરત જો શિવ-ફલ તાકો, વેગ મિટે ભવ ફેરા. સિદ્ધા૦ ૨. કલિકાલે એક તુમરે દરસકા, આસરા ભવિકો ઘનેરા. સિ૦ ૩ દુષમ કુગુરુ ભરમ સબ નાઠો,

અજહુ ભાગ ભલેરા. સિ૦ ૪. આતમરામ આનંદઘન રાચ્યો, તુમચો માન હુ ચેરા. સિ૦ ૫

૨

(રાગ વઢંસ. હમકો છોડ ચલે બન માધો યેહ ચાલ.)

અબ તો પાર ભએ હમ સાધો, શ્રી સિદ્ધાચલ દરસ કરી રે. અબ તો૦ ટેક. આદી-શ્વર જિન મેહર કરી અબ, પાપ પટલ સબ દૂર ભયો રે; તન મન પાવન ભવિજન કેરો, નિરખી જિનંદ ચંદ સુખ થયો રે. અ૦ ૧ પુંડરીક પમુહા મુનિ બહુ સિદ્ધા, સિદ્ધક્ષેત્ર હમ જાચ લહ્યો રે; પસુ પંખો જિહાં છિનક મેં તરીયા, તો હમ દઢ વિસવાસ ગહ્યો રે. અ૦ ૨. જિન ગણધર અવધિમુની

નાહી, કિસ આગે હું પૂકાર કરૂં રે; જિમ
તિમ કરી વિમલાચલ ભેટ્યો, ભવસાગરથી
નાહી ડરૂં રે. અ૦ ૩. દૂર દેશાંતરમેં હમ
ઉપને, કુગુરૂ કુપંથકે જાલ પર્યો રે; શ્રી જિન-
આગમ હમ મન માન્યો, તબહી કુપંથકુ
જાલ જર્યો રે. અ૦ ૪ તો તુમ સરણુ વિચારી
આયો, દીન અનાથકો સરણુ દિયોરે; જયો
વિમલાચલ પૂરણુ સ્વામી, જનમ જનમકે પાપ
ગયો રે. અ૦ ૫. દૂરભવી અભવ્ય ન દેખે,
સૂરિ ધનેસર એમ કહ્યો રે; વિમલાચલ ફરસે
જો પ્રાણી, મોક્ષ મહેલ તિણે વેગ લહ્યો રે.
અ૦ ૬. જયો જગદીસર તું પરમેસર, પૂર્વ
નવાણુ વાર થયો રે; સમવસરણુ રાયણુ તલે તેરો,
નીરખી મમ અઘ દૂર ગયો રે. અ૦ ૭. શ્રી
વિમલાચલ મુઝ મન વસીયો, માનુ સંસારનો

અંત કર્યો રે; યાત્રા કરી મન તોષ ભયો અબ, જનમ મરણ દુઃખ દૂર ગયો રે. અ૦ ૮ નિર્મલ મુનિજન જો તેં તાર્યા, તે તો પ્રસિદ્ધ સિદ્ધાંત કહ્યો રે; મુજ સરીખા નિંદક જો તારો, તારક વિરૂદ યે સાચ લહ્યો રે. અ૦ ૯. જ્ઞાન-હીન ગુણુરહિત વિરોધી, લંપટ ધીઠ કષાય ખરો રે; તું વિન તારક કોઇ ન દીસે, જયો જગદીસર સિદ્ધગિરો રે. અ૦ ૧૦. તિર્યગ્ નરક ગતિ દૂર નિવારી, ભવસાગરકી પીર હરો રે; આતમરામ અનઘપદ પામી, મોક્ષ વધુ તિને વેગ વરી રે. અ૦ ૧૧

૩

(ચાલ ગુજરાતી ગરબાકી.)

વેહલા ભવિ જઇયે વિમલગિરિ ભેટવા,

અરે કાંઈ ભેટીયાં ભવદુઃખ જાય, અરે કાંઇ
સેવીયાં શિવસુખ થાય; તુમ વેહલા ભવિ. ટેક
અરે કાંઇ જનમ સફલ તુમ થાય, અરે કાંઇ
નરક તિર્યંચ મિટ જાય; અરે કાંઇ તનમન
પાવન થાય, અરે કાંઇ સકલ કરમ ક્ષય જાય.
તુમ વહેલા૦ ૧ અરે કાંઇ પંચમે ભવ શિવ
જાય, અરે કાંઇ ઇનમેં શંકા ન કાંય; અરે
કાંઇ વિમલાચલ ફરસાય, અરે કાંઇ ભવિનો
નિશ્ચય થાય. તુમ૦ ૨ અરે કાંઇ નાભિનંદન-
ચંદ, અરે કાંઇ છરી પાલે જન વંદ; અરે
કાંઇ દૂર હોય અઘવૃંદ, અરે કાંઇ પ્રગટે
નયનાનંદ. તુમ૦ ૩ અરે કાંઇ ચઉમુખ ચઢે
સુખરાસ, અરે કાંઇ મોક્ષ મેહલ કીનો વાસ;
અરે કાંઇ ભવવન સહુ થયો નાસ, અરે કાંઈ
કોઇ ન રહે ઉદાસ. તુમ૦ ૪ અરે કાંઈ

મોહટા પુણ્ય અંકુર, અરે કાંઇ ચિંતા ગઈ સબ દૂર; અરે કાંઇ કુમત કદાગ્રહ ચૂર, અરે કાંઇ આવ્યા નાથ હજૂર. તુમ૦ ૫ અરે કાંઇ આપણો વંશ ઉધાર, અરે કાંઇ દીન અનાથ આધાર; અરે કાંઇ મુઝને તૂં અબ તાર, અરે કાંઇ અવર ન સરણુ આધાર. તુમ ૬ અરે કાંઇ મુઝને મત તૂં વિસાર, અરે કાંઇ કરમ ભરમ સબ છાર; અરે કાંઇ આતમ આનંદ-કાર, અરે કાંઇ ભવસાગર પામ્યો પાર. તુમ૦ ૭

૪

(રાગ બિહાગ)

તારક હે જિન નાભિકે નંદન વિમલાચલ સુખદાઈરી, ભરમ મિથ્યામત દૂર નસ્યો હે, મિથ્યા લોહ ચુરાઇ સખીરી. તારક૦ ૧ કુમતા

કુટલ વિટલ સબ નાસી સુમતિ સખી હરખા-ઇરી, તૂં વૈરણુ મુઝ આદિ અનાદિ દેખ ગિરીંદ નસાઇ સખીરી. તા૦ ૨ રાગ દ્વેષ મદ ભરમ અજ્ઞાના અંધકાર તિન છાઈરી, શ્રી જિનચંદ ગિરિંદ જો નિરખી છિનકમેં પાપ પલાઇ. સ૦ ૩. પાવન ભાવન મુઝ મન હુલસી ઝુલસી કુમતિ ઘબરાઇરી, અબ કહાં જાત હે વૈરણુ ભૈકી રિષભ જિનંદ દુહાઇ સ૦ ૪ ભાવત વિમલાચલ જો ફરસે પંચ ભવે શિવરાઇરી, અબ હમ તુમરો નાતો ટૂટો, અબ હુસ કેમ ઠરાઇ. સ૦ ૫. આદિ જિનંદ ગિરીંદ જો ભેટયો પાપ ધુક અંધરાઇરી, જયો જગદીસર શ્રી વિમલેસર ચરણુ સરણુ તુમ આઇ સ૦ ૬. આગે અનંત મુનિ તેં તાર્યા ઔર ન કીની કાંઇરી, હું તુમ બાલક સરણુ

પર્યો હું. નેક નજર કરો સાંઈ સ૦ ૭. આત-
મરામ નામ અવિનાસી, મુક્તિ રમણી વર-
વાઈરી, સુમતિ હિંડોલે સબ સખીયનસેં,
આનંદ મંગલ ગાઈ. સ૦. ૮

૫

(રાગ—માઢ)

મનરી બાતાં દાખાંજી મહારા રાજ હો
રીષભજી થાને મનરી, ટેક—કુમતિનાં ભરમા-
યાજી માહારા રાજરે, કાંનુ વ્યવહારિ કુલમેં
કાલ અનંત ગમાયાજી માહારા રાજ હો
રીષભજી થાને. ૧ કર્મ વિવર કુછ પાયાજી
મહારા રાજરે, કાંઇ માનુષ જનમેં આરજ
દેશે આયાજી. મા૦ ૨. મિથ્યા જન ભરમાયાજી
મા૦ કાંઇ કુગુરૂવેષે અધિકો નાચ નચાયાજી.

મા૦ ૩ પુન્ય ઉદય ફિર આયાજી. મા૦. કાંઇ જિનવર ભાષિત તત્ત્વ પદારથ પાયાજી. મા૦ ૪. કુગુરૂ સંગ છટકાયાજી. મા૦. રાજનગરમેં સુગુરુ વેષ ધરાયાજી, મા૦ ૫. સઘલા કાજ સરાયાજી. મા૦ કાંઇ મનડો મર્કટ માને નહી સમજાયાજી. મા૦ ૬. કુવિષયા સંગ ધ્યાવેજી મા૦ કાંઇ મમતા માયા સાથે નાચ નચાવે-જી. મા૦ ૭. મહિમા પૂજા દેખી માન ભરા-વેજી મા૦ કાંઇ નિર્ગુણીયાને ગુણિજન જગ-મેં કહાવેજી મા૦ ૮ છઠ્ઠી વારે તુમરે દ્વારે આયાજી મા૦ કાંઇ કરૂણાસિંધુ જગમેં નામ ધરાયાજી . મા૦ ૯ મન મર્કટકો સીખોજી મા૦ કાંઇ સઘલી વાતે સમતા રંગ રંગાવેજી મા૦ ૧૦ અનુભવ રંગ રંગીલા સુમતા સંગી-જી. મા૦. કાંઇ આતમ તાજા અનુભવરાજા ચંગીજી. મા૦ ૧૧ ———

૬

(રાગ મરાઠી.)

ઋષભ જિનંદ વિમલગિરિમંડન મંડન ધર્મ ધુરા કહીયે, તૂં અકલ સરૂપી જારકે કરમ ભરમ નિજગુણ લહીયે ઋ૦ ૧ અજર અમર પ્રભુ અલખ નિરંજન ભંજન સમર સમર કહીયે, તૂં અદ્ભુત યોદ્ધા મારકે કરમ ભરમ જગ જસ લહીયે. ઋ૦ ૨ અવ્યય વિભુ ઇશ જગરંજન રૂપ રેખ વિન તૂં કહીયે, શિવ અચર અનંગી તારકે જગ જન નિજ સત્તા લહીયે. ઋ૦ ૩ શત સુત માતા સુતા સુહંકર જગત જયંકર તૂં કહીયે, નિજ જન સબ તારે હમોસેં અંતર રખના ન ચાહિયે. ઋ૦ ૪ મુખડા ભીચકે બૈસી રેહના દીનદયાલકો ના ચાહીયે, હમ તનમન ઠારો વચનસેં

સેવક અપના કેહ દહીયે. ઋ૦ ૫ ત્રિભુવન ઇશ સુહંકર સ્વામી અંતરજામી, તૂં કહીયે જબ હમકો તારો પ્રભુસેં મનકી બાત સકલ કહીયે. ઋ૦ ૬ કલ્પતરુ ચિંતામણિ જાચ્યો આજ નિરાસેં ના રહીયે, તૂં ચિંતિતદાયક દાસકી અરજી ચિતમેં દઢ ગ્રહીયે. ઋ૦ ૭ દીન હીન પરગુણ રસ રાચી સરણ રહિત જગમેં રહીયે, તૂં કરુણાસિંધુ દાસકી કરુણા કયોં નહી ચિત્ત ગહીયે ઋ૦ ૮. તુમ વિન તારક કોઇ ન દીસે હોવે તો તુમકો કયોં કહીયે, યેહ દીલમેં ઠાની તારકે સેવક જગમેં જસ લહીયે. ઋ૦ ૯. સાત વાર તુમ ચરણે આયો, દાયક શરણ જગત કહીયે, અબ ધરણે બૈસી નાથસેં, મન-વંછિત સબ કુછ લહીયે. ઋ૦ ૧૦ અવગુણી માની પરિહરસ્યો તો, આદિ ગુણી જગ કો

કહીયે, જો ગુણી જન તારે તો તેરી અધિ-
કતા ક્યા કહીયે. ઋ૦ ૧૧. આતમ ઘટમેં
ખોજ પ્યારે બાહ્ય ભટકતે ના રહીયે, તુમ
અજ અવિનાશી ધાર નિજ રૂપ આનંદઘનરસ
લહીયે. ઋ૦ ૧૨ આતમાનંદી પ્રથમ જિનેસર
તેરે ચરણ સરણ રહીયે, સિદ્ધાચલ રાજા સરે
સબ કાજ આનંદ રસ પી રહિયે. ઋ૦ ૧૩

૭

(રાગ માઢ.)

થારી લઈરે સરણ જગનાથ આજ મુઝ
તારો તો સહી ટેક. ક્રોધ માનકી તપત મિટાવો
ઠારો તો સહી, મેરે પ્રભુજી ઠારો તો સહી,
ચેહ એ દિવ્યજ્ઞાન જગભાણ હૃદયમેં ધારો તો
સહી. થા૦ ૧ મિથ્યા રાન કપટ જડતા સંગ

વારો તો સહી, એ સમ્યગ્-દર્શન સરલ આનંદ રસ કારો તો સહી. થા૦ ૨ તૃષ્ણા રાંડ ભાંડકી જાઇ વારો તો સહી, એ ચરણ સરણ ભય હરણ આનંદસેં ઉગારો તો સહી. થા૦ ૩ અષ્ટ કરમદલ ઉદભટ વૈરી ટારો તો સહી, એ દ્વાદશ વિધ તપ હમકો ઉધારો તો સહી. થા૦ ૪ યુગલિક ધર્મ નિવારણ તારણહારો તો સહી, એ જગત ઉધારણ રિષભ જિનેસર પ્યારો તો સહી. થા૦ ૫ વિમલાચલમંડન અઘ ખંડન સારો તો સહી, એ આતમરામ આનંદરસ ચાખ ઉધારો તો સહી. થા૦ ૬

૮

(રાગ-તરાના.)

રાજત આનંદ કંદરી વિમલગિરી રાજત

આનંદ કંદરી, રિષભ જિનંદ ચંદ સેવે સુર
નર વૃંદ રાજત; ટેક૦ પુંડરીક ગણાધિપ પણ
કોડી મુનિવર, સાથ શિવનાર વર કરમકો કંદ
હર; ઇત્યાદિક અનંત મુનિ સિદ્ધનકો થાન
તું, રિષભદેવ જગદીશ મુઝ આસ ભર. રા૦ ૧
દુરભવી જે ભવી નીરખે ન ગિરિ છબિ,
પાપતમપટલ વિનાશક સદ રવિ; દાયક જિનંદ
દિયો છિનમેં અનઘ પદ, વિમલગિરીસ ઇસ
છેદ ગતિ ચાર ગદ. રા૦ ૨ સુર ગણ ઇંદ
ચંદ નાચત પઠત છંદ, રચત સંગીત તગી
ધપમપ ધુધુ વંદ; ઝગડદિ અનટ કિટ ધ્રોં
ધ્રોં ધ્રોંક ધ્રીટ ત્રોં ત્રોં સુખડદિ અનંત ભટ
નાશ કર. રા૦ ૩ તલાલોં તલાલોં ધિટ નિટ
કિકડ ધંગ, ભ્રમરિ ફિરત સુર અંગના સૂરંગ;
ધંદ જયજય નાભિનંદ ભવિચકોર, ચંદ સિદ્ધ-

ગિરિ ઇસ મમ શિવ વધુવર કર. રા૦ ૪
અજર અમર અજ અલખ આનંદઘન ચિદાનંદ
જગાનંદ, રાજત અન્યૂન ઘન સેવક આનંદ કરો;
નિજરૂપ રૂપ કરો આદિહીમે દાન દીયો, પાપ
સબ નાશકર. રા૦ ૫ એક ભવ તીન ભવ પંચહી
જનમ ધર મુગતી રમણી વર નરક તિર્યંગ
હર; મહાનંદકંદ તું વિમલગિરિ ઈશ વર,
અનુભવ રંગરાજ કાજ મેરો આજ કર. રા૦ ૬
રોગ સોગ માન ભંગ જનમ મરણુ સંગ,
રાગ દ્વોષ મોહ કોહ વિકટ અનંગ રંગ,
ઇત્યાદિ અનંત રિપુ છીનમે વિડાર કર, આતમ
આનંદ ચંદ સુધાનંદ વાસ કર. રા૦ ૭

૯

(રાગ કેરબો ડગર બતાદે પાહાડીયાં એ દેશી.)

ડગર બતાદે પિયારીયાં મેં તો પૂજુજી

રિષભ જિનંદ ડગર ટેક. રાયણુ તરુ તલે ચરણુ બિરાજે, બીચ બિરાજે જિનરાજ. ડ૦ ૧ ચઉ મુખ દરસ કરું ને સુખ પાઉં, જીમ સુધરે સબ કાજ. ડ૦ ૨ વિમલાચલમંડન સબ સોહે, મંડન ધર્મ સમાજ. ડ૦ ૩ આતમચંદ જિનંદજી ભેટી, વેગ મિલે શિવ-રાજ. ડ૦ ૪

૧૦

(રાગ-લાવણી.)

સખીરી ચલ ગઢ ગિરનારી. યેહ ચાલ. પ્રભુજી વિમલાચલ રાજે જીહાં પ્રભુ રિષભદેવ ગાજે, જાયકે પૂજન કરના જેકે, સબહી કર્મ સુભટ ભાજે, ભવિજન તુમ કયોં આલસ કરતે, તજદો અઘ જેરા કર્મફંદ હર બંધન ટૂટે.

મિથ્યા મત ઘેરા ન તેરા શત્રુ જગ છાજે. પ્ર૦ ૧. પ્રભુજી નાભિરાય નંદા, કાટ સબ કર્મનકા ફંદા; ભયે જગમેં સુરતરુ કંદા કે સિમરો ધર્મ કે આનંદા; નિજગુણુ સત્તા ચિદ્દઘન પ્રગટો પુણ્યરાસ ઈક તાન, અજર અમર પૂરણુ પદ પામી પ્રગટે કેવલજ્ઞાન ભવિ-જન મહાનંદ કાજે. પ્ર૦ ૨. પ્રભુ તુમ દરશન હિતકારી, તરે ભવવનસેં નરનારી; જિનોં ને ચરણુ સરણુ ધારીકે ખિડગઇ નિજગુણુ વન વારી, તીન પાંચ અરુ એક ભવંતર કરત મુક્તિમેં વાસ, જિન ગણુધર મુનિ કથન રસીલા આતમ અનુભવ રાસ નિહારો નાથ જગત રાજે.

૧૧

(રાગ ઠુમરી. મહાવીર તોરે સમવસરણકીરે ચાલ)

જિનંદા તોરે ચરણ કમલકી રે, હું ચાહું સેવા પ્યારી, તો નાસે કર્મ કઠારી; ભવભ્રાંતિ મિટ ગઇ સારી. જિનંદા ટેક. વિમલગિરિ રાજે રે, મહિમા અતિ ગાજે રે, બાજે જગ ડંકા તેરા, તૂં સચ્ચા સાહેબ મેરા, હું બાલક ચેરા તેરા. જિનંદા૦ ૧ કરુણા કર સ્વામી રે, તૂં અંતરજામી રે, નામી જગ પુનમચંદા, તૂં અજર અમર સુખકંદા; તૂં નાભિરાય કુલ નંદા. જિ૦ ૨ ઇણ ગિરિ સિદ્ધા રે, મુનિ અનંત પ્રસિદ્ધા રે, પ્રભુ પુંડરીક ગણધારી, પુંડરગિરિ નામ કહારી એ સહુ મહીમા હે થારી. જિ૦ ૩ તારક જગ દીઠા રે, પાપ પંક સહુ નીઠા રે, ઇઠામો મનમેં ભારી, મેં કીની

સેવા થારી, હુ માસ રહ્યો શુભ ચારી જિ૦ ૪. અબ મોહે તારોરે, વિરુદ તિહારોરે, તીરથ જિનવર દો ભેટી, મેં જન્મ જરા દુખ મેટી, હું પાયો ગુણુની પેટી. જિ૦ ૫ દાવડ વારીખિલ્લારે, દશ કોડિ મુનિ મિલારે, હુએ મુકિતરમણી ભરતારા કાર્તિક પૂનમ દિન સારા, જિનશાસન જગ જયકારા જિ૦ ૬. સંવત શિખિ ચારારે, નિધિ ઇંદુ ઉદારારે, આતમકો આનંદકારી, જિનદરશનકી બલિહારો પામ્યો ભવજલધિ પારી. જિ૦ ૭

૧૨

(રાગ ભૈરવી)

રિષભ સુહંકર ચિદઘન સંગી, વંદો ભવિ-

જન તારેરે. રિ૦. અંચલી, વદનકમળ સુર નર મન મોહે, શાંતિ સુધારસ ધારે રે. રિ૦ ૧. જ્ઞાન અપાયનસ વચન સુહંકર, પૂજા અતિશય ચારે રે. રિ૦ ૨. સ્થિર ઉત્પાદન વ્યય વસ્તુ નિરધારી, સ્યાદવાદ અકલંક કરે રે. રિ૦ ૩ યહ ભવ પરભવ કષ્ટ નિવારે, જન્મ મરણ અઘ જારે રે. રિ ૪. મધુર સુધારસ વચન રંગીલે, પૈંતીસ અતિશય ધારે રે. રિ૦ ૫. ચઉસઠ સુરપતિ અવરદેવ સબ, મધુકર પર ઝંકારે રે. ૬. જયો જગદીસ સુહંકર સ્વામી, સેવક સબ દુઃખ ટારે રે. રિ૦ ૮. વિમલાચલ મંડન મુઝ પ્યારો, આતમ આનંદ લારે રે. રિ૦ ૯.

૧૩

(રાગ ખમાચ)

જિન દરશન આનંદ ખાની, ટેક. રાગ

દ્વેષાધીન કામ અજ્ઞાના, હાસ્ય નીંદ ભય-
હાનિ. જિ૦ ૧. પંચ વિઘન રતિ અરતિ
નાસી, ભાસી મહાનંદ ખાની જિ૦ ૨. મિથ્યા
રંગ ભંગ કિયો છિનમેં, અવિરતિ સોગ જ-
રાની. જિ૦ ૩ ચિદઘન મૂરતિ સોહે, શાંતિ
સુધારસ દાની જિ૦ ૪. બાલ તરૂન છદ્મસ્થ
સુજ્ઞાની, જન અઘહર નિરનામી. જિ૦ ૫.
વિશ્વસેન નૃપ અચિરાકે નંદન, શાંતિ શાંતિ
કે દાની. જિ૦ ૬. જન્મ સફલ મુઝ પ્રભુ
મુખ નિરખ્યો, વિમલાચલ છવિ ઠાની. જિ૦
૭. આતમ આનંદ કરો જિનવરજી, તરૂં જિમ
ભવદુખ પાની. જિ૦ ૮.

૧૪

(રાગ રામકલી આંગણુ કલ્પ ફલ્યોરી, એહ ચાલ)

આનંદ અંગ ભર્યોરી, હમારે આનંદ. (ટેક.)

ગણુધર પુંડરીક ઇણુ ગિરિ સોહે, દેખી અઘ સહુ જયેોરી. હ૦ ૧. ઇસ અવસર્પિણી તૃતીય કાલમેં, ઇણુ ગિરિ મોક્ષ વયેોરી. હ૦ ૨. પુંડરીક ગિરિ ઇણુ કારણુ પ્રગટ્યો નામે પાપ હુયેોરી. હ૦ ૩. નાભિનંદનકા ગણાધિપ ઇણુ ગિરિ, કર્મ સુભટથી લયેોરી. હ૦ ૪. જય પામી તુમ મુકિત બિરાજે, સેવક હેજ ભયેોરી હ૦ ૫. અરજ કરું નિજ પદ મુઝ આપો, તો સહુ કાજ સયેોરી. હ૦ ૬. દશા તુમારી આતમાનંદી મુઝ પ્રગટે તો સયેોરી. હ૦ ૭.

૧૫

(રાગ આઇ બસંત)

આદિ જિનંદ દયાલ હો, મેરી લાગી

લગનવા. ટેક. વિમલાચલ મંડન દુઃખ ખંડન, મંડન ધર્મ વિસાલ હો. મે૦ ૧. વિષધર મોર ચોર કામિજન, દરીસન કર નિહાલ હો. મે૦ ૨. હું અનાથ તું ત્રિભુવન નાથા, કર મેરી સંભાલ હો. મે. ૩. આતમ આનંદકંદકે દાતા, ત્રાતા પરમ કૃપાલ હો. મે. ૪.

૧૬

(રાગ ઠુમરી)

ચલો સજની જિન વંદન કો, વિમલા- ચલ પાપ નિકંદનકો (ટેક.) દરસ કરત સબ પાતક જાવે, તિર્યગ્ નરક ગતિ છિંદન કો ચ૦ ૧. દૂર ભવી અભવ્ય ન દેખે, ચૂર કરણુ સબ ધંદનકો. ચ. ૨. આતમ રસભર આદિ જિનંદા, દૂરનસેં ભવબંધનકો. ચ૦ ૩.

ઉજ્જયંતગિરિ સ્તવનો.

૧

(રાગ બિહાગ)

વારક હૈ શિવાદેવીકે નંદન કરમ કઠિન દુખ દાઇરી, માર વાર અઘ દૂર કરી હે સ્યામ રૂપ દરસાઇ સખીરી વા૦ ૧. મદન કદન શિવ સદનકે દાતા, હરણ કરન દુખદાયરી; કરમ ભરમ જગ તિમિર હરનકો, અજર અમર પદ પાઇ સખીરી વા૦ ૨. જદુપતિ વંદન કરત અનંદન, સ્વભ્ર ચાર છિતરાઇરી; અમમ અમમ જિન રૂપ સરીસો, જિનવર પદ ઉપજાય સખીરી વા૦ ૩. રાજિમતી નિજ વનિતા તારી, નવ ભવ પ્રીતિ નિભાઇરી; હલધર રથકર મૃગ તુમ નામે, બ્રહ્મલોક સુર થાઇ સખીરી વા૦ ૪. ગજસુકુમાલ લાલ તુમ તાર્યો, ભવવન

સગરે જરાઈરી; એ ઉપગાર વિનુ જગ કેતા, કરૂણાસિંધુ સહાઇ સખીરી વા૦ ૫. પિણ નિજ કુટુંબ ઉદ્ધાર નાથજી, તારક વિરૂદ ધરાઇરી; એ ગુણ અવર નર નમે રાજે, ઇનમેં કાઇ બડાઇ સખીરી વા૦ ૬. રૈવતાચલમંડન દુખ ખંડન, મહેર કરો જિનરાઈરી; મુજ ઘટ આનંદમંગલ કર તો, હું પિણ આતમરાઈ સખીરી વા૦ ૭

૨

(રાગ કેરબા)

ડગર બતાદે પૂજારીયા, મેં તો ભેટું નેમિ જિનંદ, ડગર (ટેક.) પ્રથમ ટુંક પ્રભુ જિનજી વિરાજે, રાજે સુરતરૂકંદ ડ૦ ૧. સહસ્રાવન પ્રભુ ચરણ વિરાજે, ભેટીયે પરમ આનંદ ડ૦

ઊંચી વિખડી પંચમી ટૂંકે, કાટે કર્મકા ફંદ
ઙ૦ ૩. અવર ટૂંક પર ચરણ સુહંકર, પૂજો
આતમચંદ ઙ૦ ૪.

૩

(રાગ ઠુમરી)

ચલો સજનો જિન વંદનકો, ગિરનારી
નેમિ સામરીયા ચલો. (ટેક.) ઊંચેરે ગઢ પર
પ્રભુજી બિરાજે, દરસ કરત ભવજલ તરીયા
ચ૦ ૧. શ્યામ વરણ તનુ ભવિજન મોહે,
શાંતિ રૂપ તન મન ઠરીયા ચ૦ ૨. આતમ
આનંદ મંગલ મૂરતી, સૂરતિ જિન હિરદે
ધરીયા ચ૦ ૩.

૪

(રાગ—ધ્રૂપદ આઈ ઈંદ્રનાર કર કર શ્રૃંગાર ચાલ.)

તુમ મદન જાર નિજરૂપ ધાર, ગિરવર સધાર મન કામ છાર સુન પશુ પૂકાર જગ સબ તજ દીનો. તુમ૦ ૧. તુમ દયાવાન સબ ગુણુનિધાન, મેં ધરૂં ધ્યાન તુમ ચરન આન, સબ ગત નિધાન, તુમ નામ નગીનો. તુમ૦ ૨. સુર ઈંદ ચંદ નરઈંદ વંદ, તુમ દરસ નયન મુજ સુખ અમંદ; આતમ આનંદ ચરનન ચિત્ત દીનો. તુમ૦ ૩

૫

(રાગ—મરાઠી)

નેમિ નિરંજન નાથ હમારે ભંજન મદન

રહન કહીયે, જિન રાજુલ ત્યાગી રૂપમેં રંભા જગમેં એસી ના લહિયે. તે૦ ૧. અવર દેવ વામા વસ કીને બીને કામરસે ગહીયે, તું અદ્ભુત જોદ્ધા નામસેં માર કરમકા જર દહીયે. ને૦ ૨. રૈવતાચલ મંડન દુઃખખંડન મંડન ધર્મ ધુરા કહીયે, તુમ દરશન કરકે પાપકે કોટ છિનકમેં સબ ઢહીયે. ને૦ ૩. આતમ રંગ રંગીલા જિનવર તુમરી ચરન સરન લહીયે, તો અલખ નિરંજન જ્યોતિમેં જ્યોતિ મિલીને સંગ રહીયે. ને૦ ૪.

૬

(રાગ—ઠુમરી)

મન મગન નેમિ જિન દરસનમેં ટેક. આવો સખી મિલ ગિરવર ચલીયે, નેમિ ચરન

યુગ ફરસનમેં. મન૦ ૧. રેવતાચલ ભયે તીન કલ્યાણક, મુગતિ હેત સેવક જનને. મન૦ ૨. આતમ રૂપ ગહુ મન મોહે ન છોડું રૂપ રસ તન ધનને. મન૦ ૩

સમ્મેતશિખર તીર્થ સ્તવનો.

૧

(રાગ-ઠુમરી)

ચલો સજની જિન વંદનકો મધુવનમેં પાસ નિરંજન કો. ચ૦ (ટેક.) સમેતશિખર પર પ્રભુજી વિરાજે, દરશન પાપ નિકંદનકો. ચ૦ ૧. અશ્વસેન નરપતિકે નંદા, દૂર કરો દુઃખ બંધનકો ચ૦ ૨. આતમરામ આનંદકે દાતા, વામા માત આનંદનકો. ચ૦ ૩.

૨

(પારસ નાથ જપત હૈ જો જન—એ દેશી)

પાસ જિનંદ આનંદ કે દાતા, તીન ભવ-
નમેં મોહ લિયોરે પાસ૦ (ટેક.) વામાનંદન
પાપ નિકંદન, તીન ભવનમેં નામ ગયો રે
પા૦ ૧. કમઠાસૂરકો મદ હર લીનો, સાત
જનમમેં જયકાર લિયોરે પા૦ ૨. આતમ
સમેતશિખર ચલ જાઉં, જનમ મરન દુઃખ
દૂર થયો રે પા૦ ૩.

૩

(રાગ કેરબા)

ડગર બતાદે પહાડીયા, મૈં તો પૂજું પરમ
આનંદ ડગર૦ ટેક૦ પાસ ચરન ભેટનકી
મનમે, લાગી બહુત ઉમંગ ડ૦ ૧. ધન્ય

દિવસ વો સફળ ગિનૂંગા, જાઉં સમેત ઉત્તંગ ડ૦ ૨. ચાતક ઘન જિમ દરશન ચાહું, મનમેં ભાવ અભંગ ડ૦ ૩. આતમ રસ ભરી જિન-વર નિરખું, ફલે મનોરથ ચંગ ડ૦ ૪.

૪

(રાગ ઠુમરી)

મૈં દેખા પારસનાથ નિરંજન સફલ ફલી મન આસજી મેં૦ (ટેક.) ગિરિ સમેત પ્રભુ સોહે મોહે, મોહે ભવિ જન રાસજી. મેં૦ ૧. દેશ દેશકે જાતરુ આવે કોઇ ન થાવે નિરાસજી મેં ૨. સંઘ સુહાવન મધુવન સુંદર, જિહાં લીના વાસજી મેં ૩. આતમ આનંદ મંગલ મૂરત, આનંદઘન મુખ રાસજી મેં ૪.

૫

(પારસનાથ જપત હૈ જો જન—એ દેશી)

પાસ જિનંદ રટત હે જો જન, દૂર ટળે ભવસાગર ફેરે પા૦ (ટેક.) તીન ભવનમેં તિલક વિરાજે અષ્ટાદશ દૂખ સબ ગેરે પા૦ ૧. અવર દેવ વામા વસ કીને, ભીને મદન મદંધ ઘને રે પા૦ ૨. શાંતિરૂપ તુમ દરશન કીને, નામ લેત સબ બંધન ફેરે પા૦ ૩. ગિરિ સમેત પ્રભુ અટલ બિરાજે, આતમ આનંદ રસકો લેરે પા૦ ૪.

૬

(રાગ ઠુમરી)

પ્રભુ પાસ નિરંજન જયકારી (ટેક.) બાલ-પને પ્રભુ અદ્ભુત જ્ઞાની, રાખ્યો નાગ લકર

ફારી પ્ર૦ ૧. દે નવકાર ફણીં હર કીનો, એક દયા દિલમેં ધારી પ્ર૦ ૨. વાણીરસ અમૃત વરસાયો, ભવિજન કે કારજ સારી પ્ર૦ ૩. સમેતશિખર પ્રભુ મુક્તિ વિરાજે, નિજ આતમ-ગુણ લે લારી પ્ર૦ ૪.

૭

(રાગ—ઠુમરી)

જિન પાસ દરસ કર મગન ભયે (ટેક.) ચરન સરન પ્રભુ તુમ રસ રાચે, કાટે કરમ કલંક ગયે. જી૦ ૧ તેરે ભજનસેં પાપ પખારે, જનમ મરન દુ:ખ દૂર છયે. જી૦ ૨ ગિરિ સમેત પ્રભુ ત્રિભુવન મોહે, આતમરસમેં મગન થયે. જી૦ ૩

હસ્તિનાપુર સ્તવન.

(દેશી–રાસ ધારીકી, કાન્હા મેં નહી રહેનારે,
તુમ ચેરે સંગ ચલું. યેહ ચાલ.)

